# ૩. સંયોજનના હિસાબો

૧. નીચેના પ્રશ્નોના જવાબ લખો:

(1) અ લિમિટેડે બ લિમિટેડનો ધંધો તા. ૧-૪-૨૦૨૪ ના રોજ ખરીદી લીધો અને ખરીદ કિંમત નીચે મુજબ ચૂકવી:

i. બ લિમિટેડના ૪ પ્રેફરન્સ શૅરના બદલામાં અ લિમિટેડના રૂ. ૧૦ નો એક એવા ૩ ઈક્વિટી શૅર દરેક રૂ.૧૫ની કિંમતે આપવાના છે.

ii. બ લિમિટેડના ઈક્વિટી શૅર અને પ્રેફરન્સ શૅર દીઠ રૂ.૩ રોકડા આપવા.

iii. બ લિમિટેડના ૫ ઈક્વિટી શૅરના બદલામાં અ લિમિટેડના રૂ. ૧૦ નો એક એવા ૪ પ્રેફરન્સ શૅર દરેક રૂ.૧૭ની કિંમતે આપવાના છે.

બ લિમિટેડને ચૂકવેલ ખરીદ કિંમતની ગણતરી કરો. બ લિમિટેડની શેરમૂડી ૧,૦૦,૦૦૦ ઈક્વિટી અને ૫૦,૦૦૦ પ્રેફરન્સ શેર ધરાવે છે.

(2) ખરીદનાર કંપનીએ રૂ.૭૫,૦૦૦ના લેણદારો અને મશીનરી રૂ. ૧,૨૦,૦૦૦ સિવાયની જવાબદારીઓ અને મિલકતો ખરીદ કિંમત પેટે લીધી. વેચનાર કંપનીએ લેણદારોને ચૂકતે હિસાબે રૂ.૬૭,૫૦૦ ચૂકવ્યા અને મશીનરીના રૂ.૯૦,૦૦૦ ઉપજયા. વેચનાર કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(3) નીચેની માહિતી દોશી લિ.ના પાકા સરવૈયામાંથી મળી:

૧. ૨૫૦૦, ૬%ના પ્રેફરન્સ શેર દરેક રૂ.૨૦નો પૂર્ણ ભરપાઈ

૨. ૩૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૨૦નો પૂર્ણ ભરપાઈ

૩. ડીબેન્ચર રૂ.૧૨,૦૦૦ અને લેણદારો રૂ.૮૦૦૦

બ્રાઈટ લી. નામની નવી કંપની, નીચે મુજબની શરતોએ ખરીદી લીધી:

૧. જૂની કંપનીના ૩ ઈક્વિટી શેરના બદલામાં નવી કંપનીનો ૧ શેર દરેક રૂ.૧૦નો આપવો.

૨. જૂની કંપનીના ૫ પ્રેફરન્સ શેરના બદલામાં નવી કંપનીના ૩ શેર દરેક રૂ.૧૦નો આપવો.

૩. બ્રાઈટ લીમીટેડે ડીબેન્ચરહોલ્ડરોને પૂરી રકમ ચૂકવી દીધી.

૪. લેણદારોની પટાવત પેટે ૮૦% રકમ માટે પૂર્ણ ભરપાઈ રૂ.૧૦નો એક એવા ઈક્વિટી શેર આપ્યા.

૫. બાકી પ્રેફરન્સ ડીવીડન્ડ માટે ૨૦ પ્રેફરન્સ શેર સામે નવી કંપનીનો રૂ. ૧૦નો ૧ પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર આપવો. ખરીદ કિંમતની ગણતરી કરો.

(4) સાગર લિ.અને સરિતા લિ.નું સંયોજન કરવાનું નક્કી કર્યું અને સંગમ લિ. નામની નવી કંપની સ્થાપી. બંને કંપનીના ડિબેન્ચર હોલ્ડરોને નવી કંપનીના ૫%નાં ડિબેન્ચર એટલી સંખ્યામાં આપવાનાં હતા કે જેથી તેમને વ્યાજની તેટલી જ આવક રહે.સાગર લિ.ના ૬%ના રૂ.૭૦,૦૦૦ના ડિબેન્ચર્સ અને સરિતા લિ.ના ૭%ના રૂ.૩,૫૦,૦૦૦ના ડિબેન્ચર્સ છે. નવી કંપનીએ આપેલ ડિબેન્ચર્સની સંખ્યા શોધો.

(5) અ લિ. અને બ લિ.નું સંયોજન કરવાનું નક્કી કર્યું અને અબ લિ. નામની નવી કંપની સ્થાપી. ૧૪%ના ડિબેન્ચર હોલ્ડરોને ૧૫% પ્રીમીયમ મળે તે રીતે નવી કંપની પોતાના રૂ.૧૦૦નો એક એવા ૧૦%ના ડીબેન્ચર ૮% વટાવથી આપશે. બંને કંપનીના ડિબેન્ચરની રકમ અનુક્રમે રૂ.૪,૦૦,૦૦૦ અને રૂ.૨,૦૦,૦૦૦ છે. નવી કંપનીએ આપેલ ડિબેન્ચર્સની સંખ્યા શોધો.

૨. તા.૩૧/૦૩/૨૦૨૪ના રોજના રામ લિ.અને શ્યામ લિ.ના પાકા સરવૈયા નીચે મુજબ છે:

| વિગત | રામ લિ. | શ્યામ લિ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>૧. શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>અ. શેરમૂડી :ઈક્વિટી શેર દરેક રૂ.૧૦૦ નો પૂર્ણ ભરપાઈ , | ૧૦,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૬%ના પ્રેફરન્સ શેર્સ દરેક રૂ.૧૦૦નો પૂરો ભરપાઈ | ૫,૦૦,૦૦૦ | -------- |
| બ. અનામત અને વધારો : નફા-નુકસાન ખાતું | (૧, ૫ ૦,૦૦૦) | -------- |
| કારીગર અકસ્માત વળતર ફંડ | ----- | ૮૦,૦૦૦ |
| સામાન્ય અનામત | -------- | ૧,૨૦,૦૦૦ |
| ૨. બિનચાલુ દેવાં :<br>અ. લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં :૧૦%નાં ડિબેન્ચર | ૨,૦૦,૦૦૦ | ----- |
| બ. અન્ય લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં: બેંક લોન | ૧,૫૦,૦૦૦ | ------ |
| ૩. ચાલુ દેવાં : | | |
| અ. વેપારી દેવાં :લેણદારો | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| કુલ | ૧૮,૫૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ |
| II. મિલકતો : ૧ બિનચાલુ મિલકત :અ કાયમી મિલકતો:<br>અ. દૃશ્ય મિલકતો :જમીન-મકાન | ૩,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| યંત્રો | ૬,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| અદૃશ્ય મિલકતો :પાઘડી | ૧,૦૦,૦૦૦ | ------- |
| બ. બિન ચાલુ રોકાણો | ૧,૦૦,૦૦૦ | ૨૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| ક. અન્ય બિન ચાલુ મિલકતો: પ્રાથમિક ખર્ચા | ૩૦,૦૦૦ | ---- |
| ૨. ચાલુ મિલકતો :અ. માલસામગ્રી :સ્ટૉક | ૨,૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| બ. વેપારી લેણાં :દેવાદારો | ૩,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો: રોકડ અને બેંક બાકી | ૧,૭૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| કુલ | ૧૮,૫૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ |

ઉપર જણાવેલ તારીખે બંને કંપનીઓ નું સંયોજન થયું અને રામ-શ્યામ લિ.નામની નવી કંપની રૂ.૨૫,૦૦,૦૦૦૦ની સત્તાવાર મૂડી કે જે ૨૦,૦૦૦ ઈક્વિટી શેર અને ૫૦૦૦,૧૦%ના પ્રેફ્રન્સ શેર દરેક રૂ.૧૦૦નો એક સાથે અસ્તિત્વમાં આવી. નવી કંપનીએ રામ લિ.ના રોકાણો અને શ્યામ લિ.ની રૂ.૧૦,૦૦૦ની રોકડ સિવાયની તમામ મિલકતો અને જવાબદારીઓ લઈ લીધી છે.

બંને કંપનીની બધી સ્થિર મિલકતોની બજાર કિંમત ચોપડે કિંમત કરતાં ૨૦% વધુ છે. બાકી રકમ નીચે મુજબ ચૂકવી:

૧ બંને કંપનીના ઈક્વિટી શેર હોલ્ડરોને ૫ ઈક્વિટી શેરના બદલામાં નવી કંપનીના ૬ પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર ૧૦%ના પ્રીમિયમે આપવામાં આવ્યા.

૨ રામ લિ.ના ૫ પ્રેફ્રન્સ શેર ધારણ કરનારને રામ-શ્યામ લિ.ના ૪ પૂર્ણ ભરપાઈ પ્રેફ્રન્સ શેર અને રૂ.૫૦,૦૦૦ રોકડા આપવામાં આવ્યા.

૩. રામ લિ.ના ડિબેન્ચર હોલ્ડરોને ૮% પ્રીમીયમ મળી રહે તેવી રીતે, ૧૨%ના રૂ.૧૦૦ નો એક એવા રામ-શ્યામ લિ.ના ડિબેન્ચર ૧૦% વટાવે આપવામાં આવ્યા.

૪. રામ લિ.ને રૂ.૧૪,૦૦૦ રોકડા આપ્યા.

રામ-શ્યામ લીમીટેડે બાકીના શેર જાહેર જનતા માટે શેર દીઠ રૂ.૨૦ પ્રીમિયમે બહાર પાડયા. બધા શેર ભરપાઈ થયા. સ્થાપના ખર્ચ રૂ.૧૦,૦૦૦ થયો. રામ-શ્યામ લીમીટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો અને કંપની ધારા,૨૦૧૩ મુજબ પાકું સરવૈયું તૈયાર કરો.

૩. તારીખ ૧/૦૪/૨૦૨૪ના રોજ વોડાફોન લિ.અને આઈડિયા લિ.નું સંયોજન કરવામાં આવ્યું. વીઆઈ નામની નવી કંપની બંને કંપનીઓં ખરીદી લીધી.

| વિગત | વોડાફોન લિ. | આઈડિયા લિ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ : | | |
| ૧. શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ | | |
| અ. શેરમૂડી :ઈક્વિટી શેર દરેક રૂ.૧૦૦ નો | 8,50,000 (8500) | 7,25,000 (7250) |
| ૧૪%ના પ્રેફરન્સ શેર દરેક રૂ.૧૦૦નો | 3,20,000(3200) | 1,75,000(1750) |
| બ. અનામત અને વધારો | | |
| પુન:મૂલ્યાંકન અનામત | 1,25,000 | 80,000 |
| સામાન્ય અનામત | 2,40,000 | 1,60,000 |
| રોકાણ વળતર અનામત SR | 50,000 | 30,000 |
| નફા-નુકસાન ખાતું | 75,000 | 52,000 |
| II. બિન ચાલુ દેવા | | |
| અ. લાંબા ગાળાના દેવા | | |
| ૧૨% ડિબેન્ચર દરેક રૂ.૧૦૦નો | 50,000 | 28,000 |
| જાહેર થાપણો | 25,000 | ------- |
| III. ચાલુ દેવા | | |
| અ. વેપારી દેવા – લેણદારો | 1,45,000 | 75,000 |
| બ. દેવી હુંડી | 20,000 | ----- |
| કુલ | 19,00,000 | 13,25,000 |
| II. મિલકતો | | |
| ૧. બિન ચાલુ મિલકતો | | |
| અ. સ્થિર મિલકતો: દ્રશ્ય મિલકતો –જમીન-મકાન | 4,60,000 | 2,75,000 |
| યંત્રો | 3,25,000 | 2,10,000 |
| બ. બિન ચાલુ રોકાણો | 75,000 | 50,000 |
| ૨. ચાલુ મિલકતો | | |
| અ. માલસામગ્રી – સ્ટોક | 3,25,000 | 2,69,000 |
| બ. વેપારી લેણાં- દેવાદારો | 3,05,000 | 2,70,000 |
| લેણી હુંડીઓ | 25000 | ----- |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો- રોકડ બાકી | 3,85,000 | 2,51,000 |
| કુલ | 19,00,000 | 13,25,000 |

અન્ય માહિતી:

(1) વોડાફોન લિ. અને આઈડિયા લિ.નાં ૧૨%ના ડિબેન્ચરો પેટે VI લિ.એ એટલી સંખ્યામાં તેનાં ૧૫%ના રૂ. ૧૦૦નો એક એવા ડિબેન્ચરો આપવાં કે જેથી તેમની વ્યાજની આવક જળવાઈ રહે.

(2) બંને કંપનીઓના પ્રેફરન્સ શૅરહોલ્ડરોને VI લિ.ના રૂ. ૧૦૦નો એક એવા ૧૫%ના પ્રેફરન્સ શેર, શેરદીઠ રૂ. ૧૨૫ની કિંમતે આપવા.

(3) VI લિ. વોડાફોન લિ. ના દરેક ૨ ઈક્વિટી શેરના બદલામાં પોતાના ૫ ઈક્વિટી શૅર આપશે અને આઈડિયા લિ.ના ૩ ઈક્વિટી શૅરના બદલામાં ૧૦ ઈક્વિટી શૅર આપશે. આ શેર દરેક રૂ. ૧૦ની દાર્શનિક કિંમતનો છે , પરંતુ તે રૂ. ૩૫ની કિંમતે આપવામાં આવશે.

(4) રોકાણ વળતર અનામત વધુ ચાર વર્ષ માટે રાખવાનું છે.
નીચેની બે પદ્ધતિઓ મુજબ સંયોજન થયું છે એમ માની VI લિ. નું તા. ૧લી એપ્રિલ,૨૦૨૪ ના રોજનું પાકું સરવૈયું બનાવો :

(અ) સંયોજન વિલીનીકરણ સ્વરૂપનું હોય તો (બ) સંયોજન ખરીદ સ્વરૂપનું હોય તો

૪. તારીખ ૩૧-૦૩-૨૦૨૪ના રોજના રાજ લિ.અને રાહી લિ.ના પાકા સરવૈયા નીચે મુજબ છે:

| વિગત | રાજ લિ. | રાહી લિ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ : | | |
| ૧. શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ | | |
| અ. શેરમૂડી | | |
| 75,000, ઈક્વિટી શેર દરેક રૂ.૧૦ નો પૂર્ણ ભરપાઈ | 7,50,000 | |
| 20,000, ઈક્વિટી શેર દરેક રૂ.૧૦ નો પૂર્ણ ભરપાઈ | | 2,00,000 |
| 2500, પ્રેફરન્સ શેર દરેક રૂ.૧૦૦નો પૂર્ણ ભરપાઈ | 2,50,000 | |
| બ. અનામત અને વધારો | | |
| સામાન્ય અનામત | 4,00,000 | ------- |
| નફા-નુકસાન ખાતું | 45,000 | 16,000 |
| ૨. ચાલુ જવાબદારીઓ | | |
| અ. વેપારી દેવા – લેણદારો | 25,000 | 10,500 |
| કુલ | 14,70,000 | 2,26,500 |
| II. મિલકતો | | |
| 1. બિન-ચાલુ મિલકતો | | |
| અ. સ્થિર મિલકતો: દ્રશ્ય મિલકતો- જમીન–મકાન | 3,00,000 | |
| યંત્રો | 7,75,000 | |
| મોટરકાર | | 20,000 |
| ફર્નિચર | | 12,500 |
| અદ્રશ્ય મિલકતો | | |
| પાઘડી | -------- | 35,000 |
| પેટન્ટ્સ | 1,00,000 | ------- |
| બ. બિન-ચાલુ રોકાણો | 57,500 | -------- |
| 2. ચાલુ મિલકતો | | |

| | | |
|---|---|---|
| અ. માલસામગ્રી – સ્ટોક | 1,75,000 | 1,19,500 |
| બ. વેપારી લેણાં- દેવાદારો | 40,000 | 31,000 |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો- રોકડ બાકી | 22,500 | 8500 |
| Total | 14,70,000 | 2,26,500 |

રોહિત લિ. નામની નવી કંપની રાજ લિ.અને રાહી લિ. ની મિલકતો અને દેવાં લઈ લેવા માટે સ્થાપવામાં આવી. ધંધાની પ્રાપ્તિની શરતો નીચે મુજબ હતી :

૧. રોહિત લિ.ની સત્તાવાર મૂડી રૂ. ૧૭,૫૦,૦૦૦૦ની રહેશે, જે ૬% ના ૨૫૦૦ પ્રેફરન્સ શેર, દરેક રૂ. ૧૦૦નો તથા ૧,૫૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક શેર રૂ. ૧૦નો માં વહેંચાયેલી રહેશે.

૨. રાજ લિ.ના ધંધાનું મૂલ્ય રૂ. ૧૫,૦૦,૦૦૦ આંકવામાં આવ્યું, જે માટે રૂ. ૩,૦૦,૦૦૦ રોકડા અને બાકીની રકમ પૂરા ભરપાઈ થયેલ ઈક્વિટી શેરમાં ચૂકવવાની હતી, જેની કિંમત રૂ. ૧૨ ગણવાની હતી.

૩. રાહી લિ. ના ધંધાનું મૂલ્ય રૂ. ૨,૪૦,૦૦૦ આંકવામાં આવ્યું , જે માટે તેને પૂરા ભરપાઈ થયેલ ઈક્વિટી શેરમાં ચૂકવવાની હતી, જેની કિંમત રૂ. ૧૨ ગણવાની હતી.

૪. રાજ લિ.ના પ્રેફરન્સ શેર પરત કરવાના હતા.

૫. રોહિત લિ.એ જાહેર પ્રજા માટે ૧૫૦૦ પ્રેફરન્સ શેર મૂળકિંમતે બહાર પાડ્યા અને ૧૫,૦૦૦ ઈક્વિટી શેર રૂ. ૧૨ની કિંમતે બહાર પાડયા. આ ઈસ્યૂ અંગે બાંયધરી મેળવવામાં આવી હતી અને કાયદા દ્વારા મંજૂર થયેલ દરે બાંયધરી કમિશન ચૂકવવામાં આવ્યું હતું. ઈસ્યૂ પૂરેપૂરો ભરપાઈ થઈ ગયો અને બધી જવાબદારીઓ ચૂકવી દેવામાં આવી.

૬. શ્રી X કે જેમણે આ યોજના રજૂ કરી હતી, તેમને તેમની સેવાના બદલામાં પૂરા ભરપાઈ થયેલા ૨૦૦૦ ઈક્વિટી શેર, શેરદીઠ રૂ. ૧૨ના ભાવે આપવામાં આવ્યા.

રાજ લિ.ના ચોપડે જરૂરી આમનોંધ લખો અને રોહિત લિ.નું પાકું સરવૈયું બનાવો :

(૧) જો. સંયોજન ખરીદી સ્વરૂપનું હોય. (૨) જે. સંયોજન વિલીનીકરણ સ્વરૂપનું હોય.

૫. સાગર લિ. અને સરિતા લિ.નું તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજથી સંયોજન કરવામાં આવ્યું અને ચાલુ બંને કંપનીઓનો ધંધો ખરીદી લેવા સંગમ લિ. નામની નવી કંપની સ્થાપવામાં આવી. તે તારીખનાં બંને કંપનીનાં પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં :

| વિગત | સાગર લિ. | સરિતા લિ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ: | | |
| ૧. શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ | | |
| અ. શેરમૂડી | | |
| ઈક્વિટી શેરમૂડી દરેક રૂ. ૧૦૦નો પૂર્ણ ભરપાઈ | 6,00,000 (6000) | 5,00,000(5000) |

| | | |
|---|---|---|
| ૧૨%ના પ્રેફરન્સ શૅર દરેક રૂ. ૧૦૦નો પૂર્ણ ભરપાઈ | 2,00,000(2000) | 1,50,000(1500) |
| બ. અનામત અને વધારો | | |
| નિકાસ નફા અનામત (કાનૂની અનામત) | 80,000 | 40,000 |
| સામાન્ય અનામત | 1,50,000 | 1,00,000 |
| રોકાણ વળતર અનામત (કાનૂની અનામત) | 50,000 | 30,000 |
| નફા-નુકસાન ખાતું | 60,000 | 40,500 |
| ૨. બિન ચાલુ જવાબદારીઓ | | |
| અ. લાંબા ગાળાનાં ઉછીનાં નાણા: | | |
| 12% ના ડિબેન્ચર | 50,000 | 35,000 |
| ૩. ચાલુ જવાબદારીઓ | | |
| અ. વેપારી દેવાં – લેણદારો | 90,000 | 40,000 |
| દેવી હુંડીઓ | 15,000 | 10,000 |
| કુલ | 12,95,000 | 9,45,500 |
| II. મિલકતો | | |
| ૧. બિન ચાલુ મિલકતો | | |
| અ. કાયમી મિલકતો | | |
| જમીન અને મકાન | 5,00,000 | 3,00,000 |
| પ્લાન્ટ-યંત્રો | 3,00,000 | 2,00,000 |
| બ. બિન ચાલુ રોકાણો | 2,00,000 | 1,00,000 |
| ૨. ચાલુ મિલકતો | | |
| અ. માલસામગ્રી- સ્ટોક | 1,30,000 | 70,000 |
| બ. વેપારી લેણાં – દેવાદારો | 1,00,000 | 1,50,000 |
| ક. ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો- બેંક બાકી | 65,000 | 1,25,500 |
| કુલ | 12,95,000 | 9,45,500 |

વધારાની માહિતી:

(૧) સાગર લિ. અને સરિતા લિ.ના ૧૨%ના ડિબેન્ચરો પેટે સંગમ કંપની લિ.એ એટલી સંખ્યામાં તેના ૧૫%ના રૂ. ૧૦૦નો એક એવા ડિબેન્ચર આપવા કે જેથી વ્યાજની આવક એટલી જ મળે.

(૨) સંગમ કંપની લિમિટેડ સાગર લિ.ના દરેક ૩ ઈક્વિટી શૅરના બદલામાં ૪ ઇક્વિટી શેર આપશે અને સરિતા લિ.ના દરેક ઈક્વિટી શેરના બદલામાં ૩ ઇક્વિટી શેર આપશે. આ શેર રૂ. ૧૦૦ની દાર્શનિક કિંમતના છે , જે રૂ. ૧૧૦ની કિંમતે આપવાના છે.

(૩) બંને કંપનીના પ્રેફ. શૅરહોલ્ડરોને સંગમ લિ.ના ૧૫%ના પ્રેફરન્સ શેર , દરેક રૂ. ૧૦૦ના રૂ. ૧૨૦ના ભાવે તેટલી જ સંખ્યામાં આપવા.

(૪) કાનૂની અનામતો હજુ બે વર્ષ સુધી રાખવી જરૂરી છે.

તમારે સંયોજન પછીનું સંગમ લિ.નું પાકું સરવૈયું નીચે મુજબની ધારણા હેઠળ તૈયાર કરવાનું છે :

(અ) જો સંયોજન વિલીનીકરણ સ્વરૂપનું હોય (બ) જો સંયોજન ખરીદી સ્વરૂપનું હોય.

૬. તારીખ ૩૧-૦૩-૨૦૨૩ના રોજના કેવલ લિ.અને ઈન્દર લિ.ની મિલકતો અને દેવાની બાકીઓ નીચે મુજબ છે:

| વિગત | કેવલ લિ. | ઈન્દર લિ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ: | | |
| ૧. શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ | | |
| અ. શેરમૂડી | | |
| ઈક્વિટી શેરમૂડી દરેક રૂ. ૧૦૦નો પૂર્ણ ભરપાઈ | 20,00,000 | 15,00,000 |
| બ. અનામત અને વધારો | | |
| સામાન્ય અનામત | 5,00,000 | 2,50,000 |
| કાનૂની અનામત | 3,00,000 | 1,00,000 |
| ૨. ચાલુ જવાબદારીઓ | | |
| અ. વેપારી દેવાં – લેણદારો | 2,00,000 | 1,50,000 |
| કુલ | 30,00,000 | 20,00,000 |
| II. મિલકતો | | |
| ૧. બિન ચાલુ મિલકતો | | |
| અ. કાયમી મિલકતો- દ્રશ્ય મિલકતો –જમીન-મકાન | 20,00,000 | 10,00,000 |
| પ્લાન્ટ-યંત્રો | 4,00,000 | 5,00,000 |
| ૨. ચાલુ મિલકતો | | |
| અ. માલસામગ્રી- સ્ટોક | 2,20,000 | 3,00,000 |
| બ. વેપારી લેણાં – દેવાદારો | 1,80,000 | 1,50,000 |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો- બેંક બાકી | 2,00,000 | 50,000 |
| કુલ | 30,00,000 | 20,00,000 |

૧-૪-૨૦૨૩ના રોજ કેલવીન લિમિટેડે બંને કંપનીઓને નીચેની શરતોએ સમાવી લેવાનું કર્યું:

૧. બંને કંપનીઓની મિલકતો નીચેની કિંમતે લઈ લીધી:

| | કેવલ લિ. | ઈન્દર લિ. |
|---|---|---|
| જમીનમકાન- | 23,00,000 | 12,00,000 |
| પ્લાન્ટ-યંત્રો | 3,00,000 | 4,50,000 |

બાકીની મિલકતો અને દેવાં ચોપડે કિંમતે નવી કંપની લઈ લેશે.

૨. નવી કંપનીએ ૩૫,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૧૦૦નો બંને કંપનીના ઈક્વિટી શેરહોલ્ડરોને તેમની ચોખ્ખી મિલકતોના પ્રમાણમાં આપ્યા. કેલવીન લિ.ના ચોપડે પાકું સરવૈયું તૈયાર કરો.

ટૂંકનોંધ લખો:

૧. સંયોજનના હેતુઓ
૨. સંયોજનના ફાયદાઓ અને ગેર ફાયદાઓ

૩. તફાવત લખો: સંયોજન વિલીનીકરણ સ્વરૂપનું અને સંયોજન ખરીદી સ્વરૂપનું